ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/વહી.સેમિ/૨૦૧૯/ ૩૫૪૭૧ - ૩૫૧૩૩

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં. ૯/૧. ડો.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.,ગાંધીનગર

તા.૦૯/૧૨/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષયઃ- બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩(ક્લાર્ક) અને વર્ગ-૪(સેવક)ના કર્મચારીઓનો સેમિનાર યોજવા મંજૂરી આપવા બાબત.

સંદર્ભઃ- (૧) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી વર્ગ-૩ સંઘ મહામંડળનો તા.૧૫/૧૧/૧૯નો પત્ર.

(૨) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી વર્ગ-૪ સંઘ મહામંડળનો તા.૧૫/૧૧/૧૯નો પત્ર.

શ્રીમાન

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ વર્ગ-૩(ક્લાર્ક) અને વર્ગ-૪(સેવક)ના કર્મચારીઓનો સેમિનાર ગુજરાત રાજ્યની અંદર યોજવા પરવાનગી આપવામાં આવે છે.

સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ના ઠરાવનાં પરિશિષ્ટ-૨નાં આઇટમ નંબર-૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જે આધારે પરિષદ માટેની ફી રૂપિયા રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) તથા અધિવેશનમાં હાજરી આપતાં કર્મચારીઓને નિયમ મુજબ ભથ્થાની ચૂકવણી શાળાની ગ્રાન્ટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઇત્તર ખર્ચની જોગવાઇ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયામાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકુળતા પ્રમાણેનું નક્કી કરવાનું રહેશે. પરંતુ આ અધિવેશન વધુમાં વધુ ૩(ત્રણ) દિવસથી વધુ ન હોવુ જોઇએ.

નોંધ પર માન. નિયામકશ્રીના આદેશથી.

(signature)

સંયુક્ત શિક્ષણ નિયામક

(માધ્યમિક)

ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂઃ-

પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ

એન.બી.પટેલ સાર્વજનિક હાઇસ્કૂલ, મુ.પો. સરભોણ, તા-બારડોલી, જિ-સુરત

ક્રમાંક: ૨૮/ મહેકમ/ ૫૧૮૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

બનાસકાંઠા જીલ્લો, પાલનપુર

તા. /૧૨/૨૦૧૯

૨

૧૨/૧૨

પ્રતિ,

આચાર્યશ્રી

તમામ બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓ

જી. બનાસકાંઠા.

ઉપરોક્ત બાબત જાણ સારૂ મોકલાવી.

(signature)

જિલ્લા શિક્ષણાધિકારી,

બનાસકાંઠા જિલ્લા પાલનપુર

Scanned by CamScanner